ધરમપુરમાં વીજચોરી સામે જીઈબી વિજિલન્સની લાલ આંખ

કાનજી ફળિયામાં થાંભલા પરથી લંગરિયા નાંખી વીજચોરી કરતા બે ઇસમો વિરુદ્ધ ગુનો નોંધાયો

ધરમપુર : ધરમપુરના કાનજી ફળિયા ખાતે વીજચોરી પકડવા માટે જીઈબીની વિજિલન્સ ટીમે દરોડા પાડી કડક કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, કાનજી ફળિયામાં રહેતા શ્યામ રડકા પટેલ અને રાકેશ રડકા પટેલ નામના શખસો વીજળીના થાંભલા પર સીધા લંગરિયા નાખીને ગેરકાયદેસર રીતે વીજચોરી કરી રહ્યા હોવાની બાતમી જીઈબીને મળી હતી.

આ બાતમીના આધારે વિજિલન્સની ટીમે સ્થળ પર ત્રાટકીને તપાસ કરતા બંને આરોપીઓ વીજચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. આ મામલે જીઈબીના અધિકારી પરમારે બંને શખસો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

કાનજી ફળિયા ઉપરાંત ગુદિયા ગામે પણ વીજચોરીના કેસમાં વડોદરાની વિજિલન્સ ટીમ દ્વારા સઘન દરોડા પાડવામાં આવ્યા હતા અને વીજચોરી કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જીઈબીના અધિકારીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં પણ વીજચોરી કરનારા તત્વો સામે તંત્ર દ્વારા આવી જ કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે. વીજચોરી વિરુદ્ધ જીઈબીની આ લાલ આંખને કારણે વીજચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નવસારીમાં લોકો હથિયાર સાથે ફરે છે

નવસારી પોલીસે સમગ્ર જિલ્લામાં ચેકિંગ કરી 20ને ઝડપી પાડ્યા

નવસારીઃ તહેવારોના દિવસોમાં નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે હાથ ધરાયેલી ચેકિંગ કામગીરી દરમિયાન જાહેરમાં હથિયારો લઈને ફરતા શખ્સો સામે ગુના નોંધવામાં આવ્યા છે, જ્યારે સીસીટીવી કેમેરા લગાવવાના નિયમોનું પાલન ન કરનારા વેપારીઓ સામે પણ કાયદાકીય પગલાં લેવાયાં છે.

પોલીસની કાર્યવાહી હેઠળ નવસારી ટાઉન, ગણદેવી અને ચીખલી પોલીસ મથકના વિસ્તારોમાં ચપ્પુ, લાકડી અને દંડા જેવાં હથિયારો સાથે જાહેરમાં ફરતા આશરે 20 શખ્સો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ 135 મુજબ ગુના દાખલ કરવામાં આવ્યા છે. નવસારી શહેરના તીઘરા, ઘેલખડી, શાંતાદેવી રોડ અને રેલવે

પ્રતિકાત્મક તસવીર

સ્ટેશન વિસ્તાર સહિતનાં સ્થળોએથી ચપ્પુ સાથે મળી આવેલા ઇસમો સામે પણ કાર્યવાહી કરાઈ છે.

વેરાવળ નાકા પાસેથી દોલતભાઈ કિશનભાઈ સિંધી, રિંગ રોડ સરકારી આવાસ પાસેથી અનિલ અશોકભાઈ મંડોલકર, ચાંદની ચોક પાસેથી ઉદયકાંત ઉમાશંકર પાંડે, શાંતાદેવી રોડ સહજાનંદ એક્સપોર્ટ પાસેથી સતિષભાઈ મંગુભાઈ રાઠોડ, ગેલકડી પાસેથી રાજુ શૈલેષભાઈ શાહ તથા રિક્ષા સ્ટેન્ડ પાસેથી કૌશિક મહેશભાઈ નાયકા પાસેથી ચપ્પુ જપ્ત કરી તેમની સામે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે.

તીઘરા નવી વસાહત

ખુલ્લા મેદાનમાંથી રિયાઝ યુસુફ શાહ (પ્લાસ્ટિકના હાથાવાળું ચપ્પુ), કરણ ચંદુભાઈ ઉધરેજીયા, વિજય ઉર્ફે ચિન્યો ધીરુભાઈ દેવીપૂજક અને ફેજલ મુનાફ ખાન અજીત ખાન પઠાણ ચપ્પુ સાથે પકડાયા.

ગોલવાડ ચોકી

ચોકી સામે જાહેર રસ્તા પરથી મોહમ્મદ યુસુફભાઈ લાકડાવાળા અને હરિલાલ બાબરભાઈ પટેલ પાસેથી ચપ્પુ મળી આવ્યું.

સ્ટેશન રોડ

જવાહર હોટલ સામેથી વિકાસ કેશવ શુકલ અને આર.જે.ડી. મોલ સામેથી સતીશ ઓમ પ્રકાશ શર્મા ચપ્પુ સાથે ઝડપાયા.

ગણદેવી તાલુકો

બીલીમોરા : ગણદેવી પોલીસે ધનોરીનાકા ચાર રસ્તા પાસેથી પસાર થતા વિશ્વનાથ રાદયાલ યાદવ (રહે સુગર ફેક્ટરી ગણદેવી) પાસેથી હાથમાં લાકડાનો દંડો, ખારેલથી ગણદેવી જતા જાહેર રોડ ઉપર ઉમેશ દોલારામ ચૌધરીની (રહે આનંદ વાટીકા ખારેલ ગણદેવા ગામ) વાંસની લાકડી સાથે, ખારેલથી ગણદેવા જતા જાહેર રોડ ઉપર પણ શકીલ સલીમશાહ હિદાયત (રહે મટવાડ) અને મટવાડ ગામથી હળપતિવાસ રોડ ઉપર પણ સુનિલ વિનોદભાઈ હળપતિની પાસે પણ હાથમાં વાંસની લાકડી પોલીસે જપ્ત કરી હતી. જ્યારે મટવાડ ગામના હળપતિવાસ રોડ ઉપર પણ ખાલપ ભીખુભાઈ હળપતિ પણ વાસની લાકડી સાથે પકડાઈ ગયો હતો.

ચીખલી તાલુકો : મિયાઝરી ગામે ગાયકવાડ ફળિયા ખાતે જાહેરમાં દંડા લઈને આંટાફેરા મારતા આરોપી વિમલ ગાયકવાડ સામે પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાપુતારાના જાખાના ગામમાંથી ગાંજા સાથે મહારાષ્ટ્રનું દંપતી ઝડપાયું

ડાંગ એ.એન.ટી.એફ. અને સાપુતારા પોલીસની સંયુક્ત કાર્યવાહી

સાપુતારા : ડાંગ જિલ્લા પોલીસ દ્વારા નશીલા પદાર્થોના ગેરકાયદે સંગ્રહ, વેચાણ અને હેરાફેરી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. 'NO DRUGS IN SOUTH GUJARAT' અભિયાન અંતર્ગત ડાંગ એ.એન.ટી.એફ. અને સાપુતારા પોલીસની સંયુક્ત ટીમે સાપુતારા પોલીસ મથકની હદમાં આવેલા જાખાના ગામેથી 0.464 કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક દંપતીને ઝડપી પાડ્યું છે. પોલીસે ગાંજા સહિત કુલ રૂપિયા 68,050નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

છે.

પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક જે.પી. નલવાયાની સૂચનાથી પોલીસ ઇન્સ્પેક્ટર એ.એ. ચાવડા, એ.એન.ટી.એફ.ના પીએસઆઈ એમ.એસ. રાજપૂત અને સાપુતારા પોલીસની ટીમ 22 ઓક્ટોબર, 2026ના રોજ જાખાના ગામે હનુમાનજી મંદિર પાસે વાહન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન અધૂરી નંબર પ્લેટવાળી એવેન્જર મોટરસાઇકલ પર જઈ રહેલા શંકાસ્પદ પુરુષ અને મહિલાને અટકાવી તલાશી લેતા તેમની વચ્ચે મૂકેલી કાપડની થેલીમાંથી પ્લાસ્ટિકમાં છુપાવેલો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.

ઝડપાયેલા આરોપીઓની ઓળખ ગણેશભાઈ માહલા અને હંસાબેન માહલા (રહે. મહારાષ્ટ્ર) તરીકે થઈ છે. પ્રાથમિક પૂછપરછમાં તેઓ મહારાષ્ટ્રના 'મહારાજ' નામના વોન્ટેડ શખ્સ પાસેથી વેચાણ અર્થે ગાંજો લાવ્યા હોવાનું કબૂલ્યું છે. પોલીસે રૂપિયા 23,200 કિંમતનો 0.464 કિલો ગાંજો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા 68,050નો સામાન કબજે કર્યો છે. ડાંગ પોલીસે આ રેકેટના મુખ્ય સ્ત્રોત અને વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘની પ્રશ્નો અંગે ચર્ચા

રૂપિયા 4200ના ગ્રેડ પે અને ગૃહપતિની જોગવાઈ અંગે મંત્રીનું હકારાત્મક વલણ

વલસાડ : ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘના કાર્યકારી પ્રમુખ યોગેશભાઈ પટેલ સહિતના પ્રતિનિધિમંડળની ગાંધીનગર ખાતે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ તેમજ સંયુક્ત સચિવ અને નાયબ કમિશનર સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની આશ્રમશાળાઓના કર્મચારીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ગૃહપતિ અને ગૃહમાતાની જોગવાઈ માટે વિશેષ વ્યવસ્થા ઊભી

કરવા તેમજ રૂ. 4200ના ગ્રેડ પે અંગે મંત્રીએ હકારાત્મક વલણ દાખવ્યું હતું. જોકે, પ્રશ્નનો કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી સંઘ દ્વારા લડત ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કરાયો હતો. મુખ્ય રસોયા, મદદનીશ રસોયા અને કમાઠીની જગ્યાઓ પર આઉટસોર્સિંગના બદલે કાયમી ભરતી કરવા સંઘે મક્કમ રજૂઆત કરી હતી.

આ ઉપરાંત જી.પી.એ., જૂથ વીમા, એલ.ટી.સી., બદલી તેમજ 150 કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળાઓમાં આચાર્યની નવી જગ્યા ઊભી કરવા અને એચ-ટાટ (H-TAT) દ્વારા નિમણૂંક કરવા અંગે પણ ધારદાર રજૂઆતો થઈ હતી. આ બેઠકમાં ભૂતપૂર્વ પ્રમુખ નરસિંહભાઈ મહિડા, મહામંત્રી રસિકભાઈ ચૌધરી સહિત વિવિધ જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

સોળસુંબાના ઉપસરપંચ પદે નુતન ચોરસિયા ચૂંટાયા

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતમાં ઉપસરપંચનું પદ ખાલી પડતા યોજાયેલી ચૂંટણીમાં નુતન ચોરસિયા ઉપસરપંચ તરીકે ચૂંટાઈ આવતા સમર્થકોએ ખુશીની લાગણી વ્યક્ત કરી અભિનંદન આપ્યા હતા. ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ તથા ઉપસરપંચને સત્તાનો દુરુપયોગ બદલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવતા ઉપસરપંચના ખાલી પડેલા પદ માટે શુક્રવારે તારીખ 23 ઓક્ટોબર 2026 ના રોજ ચૂંટણી યોજાય હતી. ઉપસ્થિત 14 સભ્યોએ મતદાન કર્યું હતું. ઉપસરપંચ પદના ઉમેદવાર નૂતન અખિલેશ્વર ચોરસીયાને 11 મતો અને શ્રવણ જગન્નાથ શાહને 3 મતો મળતા સૌથી વધુ મતો મેળવનાર નૂતનબેન ચોરસીયાને ઉપસરપંચ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી અધિકારી તરીકે મનીષભાઈ તથા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રણજીતભાઈ પટેલની ઉપસ્થિતિમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. ઉપસરપંચ તરીકે ચૂંટાઈ આવેલા નુતનબેન ચોરસીયાને પંચાયતના સભ્યો તાલુકા પંચાયતના સભ્યો તથા આગેવાનોએ અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

કિલ્લા-પારડીની શાળાઓનો રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ડંકો

અમૃત પટેલ

પારડી : ખ્યાતનામ સંસ્થા 'એજ્યુકેશન વર્લ્ડ' દ્વારા વર્ષ 2026-27ના 'ઇન્ડિયા સ્કૂલ રેન્કિંગ' જાહેર કરવામાં આવ્યા છે. જેમાં કિલ્લા-પારડી સ્થિત શ્રી વલ્લભઆશ્રમ સંસ્થા સંચાલિત શાળાઓએ દેશ, રાજ્ય અને જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અગ્રિમ હરોળમાં સ્થાન મેળવ્યું છે. સંસ્થાની એમ.સી.એમ. કોઠારી ઇન્ટરનેશનલ ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલે સમગ્ર ભારતમાં પાંચમો ક્રમાંક હાંસલ કર્યો છે. જ્યારે એમ.જી.એમ. અમીન એન્ડ વી.એન. સાવની સ્કૂલે સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક અને શોભાબેન પ્રતાપભાઈ પટેલ ડે બોર્ડિંગ સ્કૂલે વલસાડ જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી પંથકનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ જગતની આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ શ્રી વલ્લભ આશ્રમ ટ્રસ્ટના ટ્રસ્ટી કુશ દિનેશભાઈ સાકરીયાનું વિઝન મુખ્ય ચાલકબળ રહ્યું છે. શિક્ષણ સ્તરને વૈશ્વિક ઓળખ અપાવવા અને ગુણવત્તામાં ક્રાંતિકારી સુધારા લાવવા બદલ તેમને પ્રતિષ્ઠિત "રાઈઝિંગ એજ્યુકેશન સ્ટાર એવોર્ડ" પ્રાપ્ત થયો છે. સંસ્થાપક પ.પૂ. સ્વામી હરિપ્રસાદદાસજી મહારાજના આશીર્વાદ તેમજ આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની અથાક મહેનતના પરિણામે આજે સંસ્થા સંસ્કાર અને આધુનિકતાના સમન્વયનું ઉત્તમ કેન્દ્ર બની છે.

વઘઈ-આહવામાં વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

ગિરીશ ભોયે

સાપુતારાઃ પંચાયત માર્ગ અને મકાન વિભાગ, આહવા-ડાંગ દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલના વરદ હસ્તે જિલ્લામાં કુલ રૂ.૨૪૮૧.૫૫ લાખના ખર્ચે આકાર પામનારા ૧૫ રસ્તાઓ/બ્રિજના વિકાસ કામો તેમજ આહવા તાલુકા પંચાયતના નૂતન ભવનનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. વિવિધ કામોમાં વઘઈ કોલોની રોડ, વઘઈ ગ્રામ પંચાયત ઘર, આહેરડી ગામે નિચલા ફળિયા તરફ જતો રસ્તો, ભદરપાડા ગામે વડમાળ મહારાષ્ટ્ર બોર્ડર રોડ સહિતના માર્ગોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં સાંસદ ધવલભાઈ પટેલ, જિ.પં.ના પ્રમુખ રાજેશભાઈ ગામીત, ઉપ પ્રમુખ ઉષાબેન પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન ચંદ્રકલાબેન ગાવિત, વઘઈ તા.પં. પ્રમુખ શકુંતલાબેન પાડવી, ડાંગ જિલ્લા ભાજપા પાર્ટી પ્રમુખ સુરેશભાઈ ચૌધરી સહિત અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ચીખલીની કોલેજમાં રાષ્ટ્રીય શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ સંપન્ન

ઘેજ : ચીખલીની એમ.આર.દેસાઇ આર્ટ્સ એન્ડ ઇ.ઇ.એલ.કે.કોમર્સ કોલેજ ખાતે PM-USHA અંતર્ગત Roll Out of NEP and its Outcome વિષય પર આયોજિત ૧૨-દિવસીય રાષ્ટ્રીય ઓનલાઇન શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ સફળતા પૂર્વક સંપન્ન થયો છે. આ રાષ્ટ્રીય સત્રમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, સિક્કિમ અને જમ્મુ-કાશ્મીર સહિતના વિવિધ રાજ્યોની ૯૧ કોલેજ અને ૬ યુનિવર્સિટીઓમાંથી ૨૫૦ થી વધુ અધ્યાપકો અને શોધાર્થીઓએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. કાર્યક્રમનું સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર દિલીપ રાણા (IAS), સ્ટેટ નોડલ ડો.યોગેશ યાદવ તથા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી દર્શન દેસાઇના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યવાહક પ્રાચાર્ય ડો.એમ.ડી.પટેલ તથા પ્રો.સી.ડી. પટેલ, ડો. એમ.એ.કુરેશી, ડો.પી.બી. દેસાઇ અને ડો. એસ.એન.પારેખે સંચાલન કર્યું હતું. આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં ૨૧ થી વધુ તજજ્ઞ વક્તાઓએ NEP 2020 ની રચના, ફોર-ઇયર અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ, એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ, ભારતીય જ્ઞાન પરંપરા, ડિજિટલ પેડાગોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટકાઉ વિકાસ લક્ષ્યો જેવા અત્યંત મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, યુનિવર્સિટીના કુલસચિવ ડો. આર.સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદવાડામાં સ્કોર્પિયો કારમાંથી રૂપિયા 2.53 લાખનો દારૂ જથ્થો ઝડપાયો

પારડી : પારડી પોલીસે સ્કોર્પિયો કારમાંથી રૂપિયા ૨.૫૩ લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો. પારડી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે, ઉદવાડા ગામના માટલી ફળિયામાં રહેતા દિનેશ નાનુભાઈ પટેલના ઘરના આંગણામાં એક શખ્સ સ્કોર્પિયો કાર નંબર GJ-15-CR-4016 માં દારૂ ભરીને હેરાફેરી કરવાની પેરવીમાં છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરતા કિરણ કિશોરભાઈ પટેલ કાર અને મુદ્દામાલ મૂકીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે તપાસ કરતા કારમાંથી દારૂના પુંઠાના ૨૮ બોક્સ મળી આવ્યા હતા, જેમાં કુલ 1152 નંગ દારૂની બોટલ જેની કિંમત અંદાજે 2.53 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્કોર્પિયો કાર સહીત કુલ રૂપિયા 17.53 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે નાસી છૂટેલા વોન્ટેડ કિરણ કિશોરભાઈ પટેલ (રહે. ઉદવાડા, તા. પારડી) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચલામાં વાપી પાલિકા દ્વારા 'સ્વદેશી મેળા'નું આયોજન

૭૭ સ્ટોલ અને ૧૨ ફૂડ સ્ટોલ તથા નાના બાળકોની રાઇડ આકર્ષણનું કેન્દ્ર બનશે

વાપી : નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વાપીના અજીતનગર, ચલામાં 'સ્વદેશી મેળા'નું આયોજન તા. ૨૮/૧૦/૨૦૨૬ થી ૦૬/૧૧/૨૦૨૬ સુધી સવારે ૧૧થી રાતે ૧૧ કલાક સુધી કરવામાં આવ્યું છે.

સ્વદેશી મેળાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક કારીગરો, કલાકારો, સ્વસહાય જૂથો, નાના ઉદ્યોગો તથા સ્થાનિક વ્યવસાયકારો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ, હસ્તકલાની વસ્તુઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ, ક્રાફ્ટ અને અન્ય સ્વદેશી ઉત્પાદનોને વિશાળ બજાર અને પ્રચાર-પ્રસારની તક પૂરી પાડવાનો છે. આ ઉપરાંત, સ્થાનિક ઉત્પાદનોના વેચાણમાં વધારો થાય, સ્વરોજગારીને પ્રોત્સાહન મળે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થાય તે દિશામાં પણ આ મેળો મહત્વપૂર્ણ બની રહેશે. આ વર્ષના સ્વદેશીમાં કુલ ૭૭ સ્ટોલ અને ૧૨ ફૂડ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે નાના બાળકોને રમત ગમત માટે તથા મનોરંજન ઉપરાંત આજના સમયમાં વિસરાતી વિવિધ દેશી રમતો રમાડવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો સ્થાનિક ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત કરવાની સાથે સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા, સ્વસહાય જૂથોની આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા અને સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ વધારવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ બનશે. વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરીએ નગરજનોને ઉપસ્થિત રહી સ્થાનિક કારીગરો, કલાકારો, સ્વસહાય જૂથો અને વ્યવસાયકારોને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે. સાથે જ, સ્વદેશી વસ્તુઓની ખરીદી દ્વારા સ્થાનિક ઉત્પાદનોને પ્રાધાન્ય આપી 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને સાકાર કરવામાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

વાપીમાં હાઈટેન્શન વીજતારને અંડર ગ્રાઉન્ડ કરવાનો પ્રારંભ

મંત્રીના ચૂંટણી વચનની પૂર્તિ સાથે VIA આગેવાનો અને સ્ટેન્ડિંગ ચેરમેન સતીશ પટેલના પ્રયત્નો રંગ લાવ્યા

વાપી : વાપીની ગોકુલ વિહાર ટાઉનશીપ સોસાયટીમાંથી પસાર થતા 66 કે.વી. ના હાઈટેન્શન વીજતાર અને વિજપોલ હટાવી અંડર ગ્રાઉન્ડ કરવાનું વચન નાણા મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગત વિધાનસભાની ચૂંટણીમાં આપ્યું હતું. જે અગાઉ એક લાઈન હટાવવામાં આવી હતી અને હવે બે લાઈનનું કામ પણ ચાલુ થઈ ગયું છે. આ દિશામાં આજે જેટકો કંપની દ્વારા આ હાઈવીજતાર અને વીજપોલ હટાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનાથી સોસાયટીના સ્થાનિકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

આ કાર્યને સાકાર કરવા માટે VIA પ્રમુખ અને વાપી મનપાના સ્ટેન્ડિંગ

સમિતિ ચેરમેન સતીષ પટેલ, VIA એડવાઈઝરી બોર્ડ મેમ્બર યોગેશ કાબરીયા, મિલન દેસાઈ અને VIA ની ટીમ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને સફળતા મળી છે. જેમ વાપી GIDC માં જેટકોની અંડર ગ્રાઉન્ડ કેબલ કરવામાં આવ્યું હતું એ વખતે જ એજ સમયે ગોકુલ વિહારમાં પણ અંડર ગ્રાઉન્ડ કેબલ થાય તેવી રજૂઆત કરવામાં આવી હતી હતી.

આજે જેટકો કંપનીના અધિકારીઓ અને ઇજનેરોની ટીમ તેમજ વોર્ડ નંબર 5 ના કોર્પોરેટર સતીષ પટેલ, ગોકુલ વિહાર ટાઉનશિપના અગ્રણીઓ હેમંત પટેલ, દેવેન્દ્ર પટેલ, બીપીન દેસાઈ, કમલેશ પંડ્યા, મનસુખ મોરી, વિરજી પટેલની ઉપસ્થિતિમાં 66 કે.વી. ના હાઈટેન્શન વિજતાર અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગોકુલ વિહારના પ્રમુખ દેવેન્દ્ર પટેલ દ્વારા મીઠાઈ ખવડાવી ઉપસ્થિત સૌનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સોસાયટીના વચ્ચેથી વિસ્તાર પસાર થવાને કારણે રહેવાસીઓમાં અકસ્માતોની ચિંતા રહેતી હતી. હવે આ કામગીરીથી ટાઉનશીપ વીજતાર અને વીજપોલ મુક્ત બનશે. આ કામગીરીને સ્થાનિક રહેવાસીઓ વધાવી લીધી હતી.

બીલીમોરા સોમનાથ મંદિરે લાભ પાંચમે 30મી ઘેરિયા સ્પર્ધાની રમઝટ જામશે

બીલીમોરાઃ બીલીમોરાના સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં લાભ પાંચમના પાવન પર્વએ આગામી તા.૧૪ નવેમ્બર, ૨૦૨૬ શનિવારે પરંપરાગત આદિવાસી લોકનૃત્ય ઘેરિયાની ૩૦'મી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથ મંદિરના પ્રાંગણમાં લાભ પાંચમની ઢળતી સંધ્યાએ ઘેરિયા મંડળીઓના પરંપરાગત નાદ, તાલ અને ઉત્સાહથી સમગ્ર વાતાવરણ લોકસંસ્કૃતિના રંગે રંગાઈ જશે. 'હમરેક મોરચા'ના ગુંજતા નાદ સાથે ઘેરિયાઓની ટોળીઓ પરંપરાગત વેશભૂષામાં નૃત્યની રમઝટ બોલાવશે. સ્પર્ધાના વિજેતા મંડળીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક ઘેરિયા મંડળીઓએ સોમનાથ મંદિર ટ્રસ્ટની કચેરીમાંથી નિયમાવલી અને અરજીપત્રક મેળવી આગામી તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં જમા કરાવવાનું રહેશે. ઘેરિયા સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક મંડળીઓને સોમનાથ મંદિર ટ્રસ્ટની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

સ્ટેમ્પ ડ્યૂટીની ગ્રાન્ટથી નાનાપોંઢા તાલુકાના વિકાસને વેગ મળશે

નાનાપોંઢા તાલુકામાં પ્રાંત કચેરી, આઈ.ટી.આઈ. અને અદ્યતન લાયબ્રેરી શરૂ થશે

વલસાડ : નાનાપોંઢા તાલુકા પંચાયતની સામાન્ય સભા મધુબન સર્કિટ હાઉસમાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિ વચ્ચે યોજાઈ હતી. જેમાં મુખ્યત્વે તાલુકાનો સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબધ્ધ હોવા સાથે તાલુકામાં પ્રાંત કચેરી, આઈ.ટી.આઈ., નિવાસી શાળા, નાનાપોંઢામાં અદ્યતન લાયબ્રેરી આવનારા સમયમાં શરૂ થશે. કોલેજ શરૂ થઈ ચૂકી હોવાનું

જણાવ્યું હતું. પ્રમુખ મનીષાબેન પટેલે રૂપિયા 20 લાખની સ્ટેમ્પ ડ્યૂટીની ગ્રાન્ટ માટે કામોની ફાળવણી વહેલી તકે કરવા આહવાન કર્યું હતું સાથે તેમણે તમામને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. નોંધનીય છે કે, નવનિર્મિત નાનાપોંઢા તાલુકામાં વાપી તાલુકાના ગામો આવતા સ્ટેમ્પ ડ્યુટીની આવકમાંથી મળતો શેષ હવે નાનાપોંઢા તાલુકાને મળશે. જેના થકી આવનારા સમયમાં તાલુકાના વિકાસમાં વેગ આવશે.

વિરોધ પક્ષના નેતા કુંજાલી પટેલે એસ્ટોલ યોજના, વાસ્મો યોજનાનું પાણી મળતું ન હોવાનું જણાવ્યું હતું. સાથે વિકાસના કામોમાં તાલુકા પંચાયતના પ્રમુખ, ટી.ડી.ઓ.નો આભાર માન્યો હતો.

સેગવામાં વૃક્ષો કાપવાના અને હરાજીના મુદ્દે વિવાદનો વંટોળ

ગામમાં તળાવના પ્રોજેક્ટ માટે 35 વર્ષ જૂના વૃક્ષો કાપવા સામાજિક વનિકરણ વિભાગે જ ઇ હરાજી યોજી હતીઃ સરપંચ

વલસાડઃ વલસાડના સેગવા ગામે એક પણ તળાવ નથી. અહીં ઉનાળા દરમિયાન પાણીની ભારે તંગી વર્તાતી હોય છે. ત્યારે ગામની ખુલ્લી તળાવ લાયક જગ્યામાં જો કૃત્રિમ તળાવ બનાવાય તો ભૂગર્ભ જળનું સ્તર પણ વિકસી શકે તેમજ પાણીના સંગ્રહ થકી પાણીની તંગી પણ દૂર કરી શકાય. તેના માટે આ જગ્યાના અંદાજિત 35 વર્ષ જૂના વૃક્ષો કાપવાનું નક્કી કરાયું હતું. જેના માટે સામાજિક વનિકરણ દ્વારા જ ઇ હરાજી યોજાઇ હતી. આ હરાજીમાં 50થી વધુ બિડ કરનારાઓને માત આપી ગામના જ સરપંચ મિતેશ ઠાકોરે બિડ જીતી કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. તેની સામે ગામના માજી સરપંચ સુલેમાન શેખ તેમજ જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ થઇ હતી. જોકે, હરાજી સામાજીક વનિકરણ દ્વારા થઇ હોવાના કારણે સરપંચનો તેમાં કોઇ જ રોલ ન હોવાનું તેમજ ઓનલાઇન ઇ હરાજી પારદર્શક રીતે થતી હોવાનું સરપંચે જણાવ્યું હતું. જેને લઇ મામલાએ વળાંક લીધો હતો. સેગવા ગામે તળાવ માટે આ જ જગ્યાએ તળાવ બનાવવા માજી સરપંચે પણ ઠરાવ કર્યા હતા. જોકે, એ સમયે કોઇ કારણોસર તળાવ બની શક્યું ન હતુ. જે હવે આકાર લઇ રહ્યું છે. જેને લઇ રાજકિય કિન્નાખોરીના કારણે પણ આવી ફરિયાદ થઇ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. જોકે, આ વૃક્ષોના છેદન સામે સામાજિક વનિકરણ સાથે મળીને ગ્રામ પંચાયતે વનકવચ યોજના અંતર્ગત 3500થી વધુ વૃક્ષો પણ વાવ્યા છે. ત્યારે મુદ્દો ચર્ચાના એરણે ચઢ્યો છે.